EDII

Divya Bhaskar

December 30, 2021
Page No. 02

### અટલ રેન્કિંગ ઑફ ઈન્સ્ટિટ્યૂટ્સ રેન્કની જાહેરાત

# ઓલ ઈન્ડિયા લેવલે GTUએ 7મો, ગુજરાત યુનિ.એ 9મો રેન્ક મેળવ્યો

## નોન ટેક્નિકલ કેટેગરીમાં ઇડીઆઇને પ્રથમ ક્રમાંક મળ્યો

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના ઈનોવેશન સેલે અટલ રેન્કિંગ ઓફ ઈન્સ્ટિટ્યૂશન ઓન ઈનોવેશન એચિવમેન્ટસ એવોર્ડ-2021ની જાહેરાત કરી છે. જેમાં ઈડીઆઈ( આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઓફ ઈન્ડિયા) સંસ્થાને જનરલ(નોન ટેકનિકલ) સંસ્થાની કેટેગરીમાં પ્રથમ ક્રમાંક અપાયો છે. જીટીયુએ સમગ્ર દેશમાં 7મો જ્યારે ગુજરાત યુનિવર્સિટીને 9મો રેન્ક મેળવ્યો છે.

જીટીયુ અને ગુજરાત યુનિવર્સિટીને ગવર્નમેન્ટ એન્ડ ગવર્નમેન્ટ એડેડ યુનિવર્સિટીની કેટેગરીમાં સ્ટાર્ટઅપ, ઈનોવેશન, આંત્રપ્રિન્યોરશિપ અને આઈપીઆર, ડિઝાઈન થિંકિંગ, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ સપોર્ટ સિસ્ટમ, રિજનલ ઈન્યુબેશન સેન્ટર, જીઆઈસી ક્લબ સહિતની વિવિધ પ્રવૃત્તિઓને કેન્દ્રમાં રાખીને સાતમો જ્યારે ગુજરાત યુનિવર્સિટીને નવમો રેન્ક અપાયો છે. દેશની જુદી જુદી કેટેગરીની કુલ 1438 અરજીમાંથી જીટીયુની ટોપ 10માં પસંદગી કરાઈ છે.

શૈક્ષણિક વર્ષ 2020-21ના એરીયા રેન્કિંગની જાહેરાત કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી ડૉ. સુભાષ સરકારે કરી છે. ઈડીઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લએ કહ્યું કે, 'આ અમારા માટે ગૌરવની વાત છે.'

જીટીયુના કુલપતિ ડો. નવિન શેઠે કહ્યું કે, 'કેન્દ્ર સરકારે જીટીયુની છેલ્લા 11 વર્ષની સ્ટાર્ટઅપ , ઈનોવેશન, આંત્રપ્રિન્યોરશિપ જેવી વિવિધ પ્રવૃત્તિને બિરદાવીને એરિયા રેન્કિંગમાં સ્થાન આપ્યું છે.'